ગાંધીનગર સમાચાર

જિલ્લા પંચાયતની આજે સામાન્ય સભા

# ગાંધીનગરમાં યોજાઈ ફર્સ્ટ હાફ મેરેથન

## ઘ-૫ વિસ્તાર સવારથી જ દોડવીરોથી છલકાયો હતો : ભારે ધુમ્મસને કારણે કેટલાક સ્થાનો પર દોડવીરો અટવાયા : શહેરમાં પ્રથમ દોડમાં જ પ્રચંડ પ્રતિસાદ








(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેરના ઈતિહાસમાં સૌ પ્રથમવાર હાફ મેરેથોન દોડ યોજાઈ હતી. આ મેરેથોનમાં ૨૧૦૦ સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શહેરના મેયર સહિત આમત્રિત આગેવાનોએ લીલી ઝંડી બતાવી મેરેથોનનું પ્રસ્થાન કરાવ્યું હતું. રાજયભરના દોડવીરો આજે મેરેથોનને પગલે ગાંધીનગરના આંગણે પધાર્યા હતા. રનમાં વિવિધ કેટેગરીમાં વિજેતા સ્પર્ધકોને રૂ. ૪ લાખના રોકડ પુરસ્કાર આપી સન્માનવામાં આવ્યા હતા. હાફ મેરેથોનમાં પ્રથમ આવનાર સ્પર્ધકે સવા કલાકથી પણ ઓછા સમયમાં ૨૧ કી.મી.નું અંતર કાપ્યું હતું. શહેરનું ઓપન એર થિયેટર સ્પર્ધકોથી ઉભરાઈ ગયું હતું. આ રન પ્રસંગે શહેરના આગેવાનો સહિત મોટીસંખ્યામાં નગરજનો હાજર રહ્યા હતા.

ગાંધીનગર શહેરના ઓપન એર થિયેટર ઘ-૫ વિસ્તારમાં નગરના રનર્સ ગ્રુપ દ્વારા શહેરમાં પ્રથમવાર કલ્પતરૂ મેરેથોન દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારથી જ નગરમાં દોડનું વાતાવરણ જામતા નાગરિકો પણ દોડ થી પ્રભાવિત થયા હતા. રાજયભરમાંથી આવેલા દોડવીરોને ગાંધીનગર શહેરના મેયર હંસાબેન મોદી, શહેરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગુડાના ચેરમેન આશિષ દવે, ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ લીલી ઝંડી બતાવી રનનું પ્રસ્થાન કરાવ્યું હતું. સવારે ૬ કલાકે રનનો પ્રારંભ થયો હતો આ સમયે ઓપન એર થિયેટર સ્પર્ધકોથી ઉભરાતું હતું. હાફ મરેથોન ૨૧ કીમીમાં ૭૭૫ તેમજ ડ્રીમ રૂટની દોડમાં ૧૪૦૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ દોડ હદયરોગની બિમારીથી પિડાતા બાળકોને મદદરૂપ થવા તેમજ નાગરીકોમાં આરોગ્ય અંગે જાગૃતિ કેળવાય તે માટે આ હાફ મેરેથોન યોજાઈ હતી. શહેરના ઘ-૫ થી પ્રારંભ થયેલ દોડમાં ૨૧૦૦ દોડવીરો નગરના ઘ-૫, ઘ-૬, ગ-૬ થી ખ-૬ મહાત્મા મંદિર થઈને સેન્ટ્રલ વિસ્ટા આગળથી ઘ-૪ સર્કલ ગ માર્ગ પર ગ-૩, ૨, ૧, થઈને ગ-૦ માર્ગ પર દોડ લગાવતા પરત ગ માર્ગ થઈને ખ-૬ સર્કલ ફરીને ઘ-૬ સર્કલ થઈ સ્પર્ધકો ઘ-૫ પરત ફર્યા હતા. આ દોડને પગલે નગરમાં ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાતા વાહનોની કતારો જોવા મળી હતી. આ હાફ મેરેથોનમાં ૧ થી ૧૦મો ક્રમાંક પ્રાપ્ત કરનાર સ્પર્ધક મોટેભાગે ૨ કલાકથી પણ ઓછા સમયમાં મેરેથોન પુરી કરી દીધી હતી. રન ગાંધીનગર રન પ્રસંગે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. જયારે રન પુરી કરીને સ્પર્ધકો ડી.જે ના તાલે ઝુમીને આનંદ વ્યકત કર્યો હતો. શહેરની પોલીસે તેમજ સ્વયં સેવકોએ પણ સ્પર્ધકોને પ્રોત્સાહન પુરુ પાડ્યું હતું. મેરેથોનમાં એમ્બ્યુલન્સ અને આરોગ્ય સેવા ગાંધીનગર સિવિલ હોસ્પિટલે પુરી પાડી હતી. ગાંધીનગર શહેરમાં યોજાયેલી ઐતિહાસીક દોડની ચર્ચા સમગ્ર શહેરમાં દિવસ દરમ્યાન જોવા મળી હતી. આ પ્રસંગે પી. સતિષ, આનંદ શ્રીવાસ્તવ તેમજ શહેરના આગેવાનો સહિત મોટી સંખ્યામાં નગરજનો હાજર રહ્યા હતા.

### હાફ મેરેથોનની સાથે સાથે...

- ગાંધીનગર શહેરની પ્રથમ હાફ મેરેથોન યોજાઈ.
- મેરેથોન દોડમાં દોડવીરો માટે આર.એફ.વાય.ડી. સિસ્મટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
- ઘ-૫ ઓપન એર થિયેટરથી ૨૧૦૦ સ્પર્ધકોએ પોલીસ બેન્ડની સુરાવલી સાથે પ્રસ્થાન કર્યું હતું.
- ૨૧ કિ.મી.માં ૭૫૦ અને ૭ માં કિ.મી. ૧૪૦૦ દોડવીરો જોડાયા હતા.
- જુમ્મા ડાન્સ, એરોબીક્સ, એપીએસ સ્કૂલડાન્સ, તેમજ અંધ શાળા, સે. ૧૬ના વિદ્યાર્થીઓ દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરાયો હતો.
- શહેરના સેક્ટર-૧૬ સરકારી આવાસો તેમજ ઘ-૫ વિસ્તારમાં



ગાડીઓનો ખડકલો જોવા મળ્યો હતો.
- શહેરની હાફ મેરેથોનમાં રાજ્યભરમાંથી દોડવીરોએ ભીગ લીધો હતો.
- હાફ મેરેથોનને પગલે મેરેથોન રૂટ પર સવારે ૪.૦૦ વાગ્યાથી પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો.
- મેરેથોન દોડમાં ૧૦ થી ૭૦ વર્ષ સુધીના સ્પર્ધકો જોડાયા હતા.
- ગાંધીનગર શહેરની કડકડતી ઠંડીનો અનુભવ સ્પર્ધકોએ પણ અનુભવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા પંચાયતની આજે સામાન્ય સભા

## સવારે ૧૧ વાગે સમિતિઓની રચનાથી કાર્યવાહી આગળ ચાલશે

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લા પંચાયતની ૨૨મીએ મુલ્તવી રહેલી સામાન્ય સભા આજે પંચાયત પ્રમુખ શ્રી રામાજી ઠાકોરના અધ્યક્ષસ્થાને પંચાયતના સરદાર હોલમાં મળશે.

સમિતિઓની રચનાના મુદ્દાથી મુલ્તવી રહેલી સામાન્ય સભાની કામગીરીનો આરંભ થશે. સામાન્યસભાને લઈ પ્રદેશ કોંગ્રેસના ત્રણેય નિરીક્ષકો પણ આ બેઠક વખતે પંચાયત સંકુલમાં હાજર રહેશે.

કોંગ્રેસ પક્ષના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સામાન્યસભામાં બધી જ કામગીરી એજન્ડા પરની પૂર્ણ કરાશે અને કોઈ જ અંતરાયો ઉભા થશે નહિ. પક્ષના બન્ને જૂથો વચ્ચે સમજૂતી પણ સધાઈ ચુકી છે.

જિલ્લા પંચાયતની આજની સામાન્ય સભામાં જિલ્લા ગ્રામ વિકાસ એઝન્સી દ્વારા મનરેગાનું લેબર બજેટ પણ અધ્યક્ષસ્થાનેથી રજુ કરવામાં આવશે.

જિલ્લા પંચાયતની આજની સામાન્ય સભા સવારે ૧૧ વાગે શરૂ થશે. આ સામાન્ય સભાને લઈ પોલીસ બંદોબસ્ત પણ રાખવા માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ જિલ્લા પોલીસ વડાને જણાવી દીધુ છે.

જિલ્લા પંચાયતની નવ સમિતિઓની રચના આ બેઠકમાં

● અનુસંધાન પાન-૭ પર

# આજે પેથાપુર નગરપાલિકાના ચૂંટણી જંગ માટે જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવશે

## ૬ ફેબ્રુઆરી સુધી ઉમેદવારી પત્ર ભરી શકાશે : બન્ને પક્ષો દ્વારા ઉમેદવારોની પસંદગી અંગે કવાયત

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર તાલુકાની પેથાપુર નગરપાલિકાની ૨૪ બેઠકોની સામાન્ય ચૂંટણી માટે વિધિવત્ જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થશે.

પેથાપુર નગરપાલિકાની આ ચૂંટણી માટે સ્પર્ધા ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જ રહેશે તેમ રાજકીય નિરીક્ષકોનું માનવુ છે. ૧૫,૬૯૨ મત ધરાવતી આ નગરપાલિકાની ચૂંટણી નવા નિયમો પ્રમાણે લડાશે. જેમાં ૫૦ ટકા બેઠકો અર્થાત્ ૧૨ બેઠકો મહિલાઓ માટે અનામત રહેશે.

આ ચૂંટણીના ઉમેદવારોની પસંદગી અંગે બન્ને રાજકીય પક્ષોએ તેમની કવાયત આરંભી દીધી છે. બન્ને પક્ષોના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ભાજપ ૩જી અથવા ૪થીએ તેના ઉમેદવારો જાહેર કરશે જ્યારે કોંગ્રેસ પક્ષે હજુ ઉમેદવારોની પસંદગી અંગે નિરીક્ષકો નિયુક્ત કર્યા છે અને આજે સાંજે નિરીક્ષકો ટિકિટ વાંચ્છુઓની રજુઆતો સાંભળશે. જોકે ૫મીએ તેના ઉમેદવારોની યાદી પ્રસિદ્ધ થશે.

આજે ચૂંટણીનું જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થશે અને તે ૬ ફેબ્રુઆરીને શનિવાર સુધી ભરી શકાશે. ૮મીએ ઉમેદવારી પત્રોની ચકાસણી થશે અને ૯મીએ ઉમેદવારી પત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ છે. અર્થાત્ ૯મીએ ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

૨૧મીએ આ ચૂંટણી માટે મતદાન યોજાવાનુ છે. જિલ્લાતંત્રએ આ સામાન્ય ચૂંટણી માટે ૧૮ મતદાન મથકો નિયત કર્યા છે. તેમજ ૯૦ જેટલા પોલીંગ સ્ટાફની નિયુક્તીના આદેશો જારી કરી દેવાયા છે અને તેમને ૧૦મી બાદ તાલિમ આપવામાં આવશે. જિલ્લાતંત્રએ ચૂંટણી ખર્ચ પર નજર રાખવા અને ચકાસણી માટે નોડલ અધિકારીની નિમણુંક પણ એકાદ દિવસમાં કરી દેવામાં આવશે.

આ નગરપાલિકામાં છ વોર્ડ જ હોવાથી અહિ ઉમેદવાર દીઠ ખર્ચની મર્યાદા રૂ. એક લાખ રહેશે. આ ખર્ચના હિસાબો નોડલ અધિકારી સમક્ષ નિયત કરેલા દિવસોમાં ઉમેદવારોએ રજુ કરવાના રહેશે.

પેથાપુર નગરપાલિકાની ચૂંટણીમાં વિજય માટે બન્ને પક્ષો દાવા કરી રહ્યા છે પરંતુ વિજય તો ૨૩મીએ મતગણતરીને અંતે જ ખબર પડશે.

ગાંધીનગર જિલ્લાની એક માત્ર નગરપાલિકાની ચૂંટણી હોવાથી જિલ્લાના રાજકીય માહોલમાં ગરમાવો જોવા મળી રહ્યો છે.




**બેસણું (કપોળ)**

અમારા પરમ પૂજ્ય માતૃશ્રી **ઉષાબેન હરિલાલ સંઘવી** તા. ૩૦/૧/૨૦૧૬, શનિવારના રોજ શ્રીજીચરણ પામ્યા છે. **સદ્ગતનું બેસણું તા. ૧/૨/૨૦૧૬, સોમવારના રોજ સાંજે ૪-૦૦ થી ૬-૦૦** વાગ્યે રાખેલ છે.


સ્થળ : પ્લોટ નં. ૯૯૪/૧, સેક્ટર-૩/ડી, ગાંધીનગર

**ડો. બદ્રિશ એચ. સંઘવી** — હરિ ક્લિનીક, સેક્ટર-૩/ડી, ગાંધીનગર

**પ્રદિપ એચ. સંઘવી** — કાર્યપાલક ઈજનેર (માર્ગ અને મકાન), મહેસાણા પંચાયત વિભાગ



**ચોથી વાર્ષિક પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ**



**સ્વ. બાબુલાલ કાળીદાસ પટેલ**
સ્વ. તા. ૦૧-૦૨-૨૦૧૨
૩૫૭, ગાયત્રીનગર, સેક્ટર-૨૭, ગાંધીનગર
પૂર્વ પ્રમુખ, ગાયત્રી સોસાયટી, સેક્ટર-૨૭,
પૂર્વ ઉપપ્રમુખ, ગુ.રા. પ્રા.શિ. સંઘ

*સ્નેહ, સદ્ભાવ, સંસ્કારિતા, ધાર્મિકતા, પરિવાર ભાવના, વાત્સલ્ય સભર હતા. આપની જીવનયાત્રા ખુમારી, જિંદાદિલી અને સહાનુભૂતિથી ધબકતું તમારું વ્યક્તિત્વ, આપના સરળ-નિર્મળ-માયાળુ વ્યક્તિત્વની તેજોમય જ્યોતિને સત્ સત્ વંદન*

ગં.સ્વ. મધુબેન બી. પટેલ
પન્નાબેન પી. પટેલ — જીતેન્દ્ર પટેલ
પ્રભાકરભાઈ એસ. પટેલ — મિનાક્ષી પટેલ
જૈવિક જે. પટેલ
કાળીદાસ સોમચંદ પરિવાર (ડભોડાવાળા)



મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
અક્ષી
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.



**જોઈએ છે**
• LED TV • LCD TV
• Colour TV જુના બંધ હાલતમાં
**સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ**
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧



સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
**હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...**
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515



**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭



**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com